# સરકારી વિનયન કોલેજ અમીરગઢ
## ( N.S.S.) નિયમિત પ્રવૃત્તિ -2021-22

### વિશ્વ યોગ દિન ની ઉજવણી

તા- ૨૧-૦૬-૨૦૨૧ - સોમવાર ના રોજ વિશ્વયોગ દિન ની ઉજવણી કરવામાં આવી હતી. પ્રાસંગિક ઉદ્બોધન મા કોલેજ ના આચાર્યશ્રી ડો. નયન સોનારા **સાહેબે જીવનમાં યોગ નું મહત્વ સમજાવ્યુ હતુ.** કોરોના મહામારી ના લીધે કોવિડ – ૧૯ - ગાઇડ લાઇન મુજબ વિદ્યાર્થીઓએ પોતાના ઘરે રહીને જ યોગ કર્યા હતા. અને આચાર્યશ્રી તેમજ સ્ટાફ ગણે કોલેજ માં સમૂહમાં યોગ કર્યા હતા....સમગ્ર કાર્યક્રમનુ આયોજન N.S.S. પ્રોગ્રામ ઓફિસર ડૉ. મંજુલાબેન પરમારે તેમજ સંચાલન ડૉ. વિનોદ ચૌધરી એ કર્યું હતુ....

**" યોગ કરીશુ..... કોરોનાને હરાવીશુ..**









## આઝાદી કા અમૃત મહોત્સવ

## સરકારી વિનયન કોલેજ અમીરગઢ

## વૃક્ષારોપણ કાર્યક્રમ - ગ્રીન વિલેજ ક્લીન વિલેજ


પર્ણાશા નદીના કિનારે આવેલ સરકારી વિનયન કોલેજ અમીરગઢમાં તા- ૨૨/૬/૨૦૨૧ ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. પ્રાસંગિક ઉદ્બોધનમાં કોલેજ માં નવ નિયુક્ત કાયમી આચાર્ય ડો. નયન સોનારાએ પર્યાવરણ નું મહત્વ  સમજાવ્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું આયોજન **N.S.S.** તેમજ ઇકો ક્લબના કો ઓર્ડીનેટર ડો. મંજુલાબેન પરમારે કર્યુ હતુ.  સમગ્ર કોલેજ પરિવારે આ કાર્યક્રમ ને  સફળ બનાવ્યો હતો.











**અમીરગઢ સરકારી કોલેજમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું**

અમીરગઢ તા.૨૩

અમીરગઢમાં આવેલ સરકારી વિનીયન કોલેજ રાજ્ય લેવલે ટુંક સમયમાં ભણતર હોય કે અન્ય કાર્યક્રમ માં અગાઉ સ્થાન ધરાવે આ કોલેજમાં વૃક્ષારોપણ કરવામાં આવેલ છે.એનએસએસ યુનિટ અને ઈકો કલબ અંતર્ગત સરકારી વિનયન કાત્લેજ, અમીરગઢ ખાતે વૃક્ષના રોપાની વાવણી અને રોપા ઉછેર સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

## વૃક્ષારોપણ કાર્યક્રમ - ગ્રીન વિલેજ ક્લીન વિલેજ

## આઝાદી કા અમૃત મહોત્સવ

# સરકારી વિનયન કોલેજ અમીરગઢ

## સ્વાતંત્ર્ય દિનની ઉજવણી        તા- ૧૫/૮/૨૦૨૧

સરકારી વિનયન કોલેજ અમીરગઢમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત 'પ્રજાસત્તાક દિન' ની ઉજવણી  કરવામાં આવી હતી. કોલેજના આચાર્યશ્રી તમામ સ્ટાફ ગણ તેમજ વિદ્યાર્થી ભાઇ- બહેનો હાજર રહી ધ્વજવંદન કાર્યક્રમ કર્યો હતો. ત્રિરંગા ને સલામી બાદ પ્રાસંગિક ઉદ્બોધનમાં કોલેજના આચાર્ય ડો.નયન સોનારાએ આઝાદી ના અમૃત મહોત્સવનું  મહત્વ સમજાવ્યુ હતુ. કોલેજ પરિવારે આ કાર્યક્રમ ને  સફળ બનાવ્યો હતો.










ધ્વજવંદન કાર્યક્રમ                    રાષ્ટ્રગાન

# આઝાદી કા અમૃત મહોત્સવ

# સરકારી વિનયન કોલેજ અમીરગઢ

## N.S.S. તથા સપ્તધારાની સામુદાયિક સેવાધારા આયોજિત

## સ્વચ્છતા પખવાડીયા ની ઉજવણી તા- ૨૫/૮/૨૦૨૧

સરકારી વિનયન કોલેજ અમીરગઢમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ' સ્વચ્છતા પખવાડીયા ' ની ઉજવણી કરવામાં આવી હતી. પ્રાસંગિક ઉદ્બોધનમાં કોલેજના આચાર્ય ડો. નયન સોનારાએ જીવનમાં સફાઇ નું મહત્વ સમજાવ્યુ હતુ. ત્યાર બાદ સ્વયં સેવકો દ્વારા કોલેજ ના કેમ્પસની સફાઇ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન N.S.S. તેમજ ઇકો ક્લબના કોઓર્ડીનેટર ડો.મંજુલાબેન પરમારે કર્યુ હતુ. સમગ્ર કોલેજ પરિવારે આ કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.










આઝાદી કા અમૃત મહોત્સવ

સરકારી વિનયન કોલેજ અમીરગઢ

# શિક્ષક દિનની ઉજવણી તા- ૦૪/૯/૨૦૨૧

સરકારી વિનયન કોલેજ અમીરગઢમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત 'શિક્ષક દિનની ઉજવણી' ની ઉજવણી કરવામાં આવી હતી. લગભગ ૨૫ જેટલા વિદ્યાર્થીઓ શિક્ષક તરીકે કામગીરી કરી હતી. આચાર્ય તરીકે સેમ.-૫ ની વિદ્યાર્થીની હિરાગર માયાબેન કાળુભાઇએ સુંદર કામગીરી કરી હતી. શિક્ષણ કાર્ય બાદ ઓડીટૉરીયમ હોલ માં કાર્યક્રમ યોજાયો હતો, જેમાં શિક્ષક દિનનું મહત્વ તથા ડૉ. રાધાકૃષ્ણનના જીવન પ્રસંગો વિશે વિદ્યાર્થીઓએ વક્તવ્ય આપ્યા હતા. તથા અધ્યાપક ગણ દ્વારા પણ પ્રાસંગિક ચર્ચાઓ કરવામાં આવી હતી. કોલેજ ના આચાર્યશ્રી ડૉ. નયન સોનારાએ વિદ્યાર્થીઓને શુભેચ્છા તેમજ અભિનંદન પાઠવ્યા હતા.









## પાલનપુર . ડીસા

### અમીરગઢની કોલેજમાં શિક્ષક દિનની ઊજવણી કરાઇ

અમીરગઢ : અમીરગઢની સરકારી વિનયન કોલેજ દ્વારા શનિવારના રોજ સ્વયમ શિક્ષક દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત સભાખંડમાં ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણના જીવન અંગે માહિતીપ્રદ વક્તવ્ય આપ્યું હતું. ત્યારબાદ આજના દિને આચાર્ય તરીકે ભૂમિકા નિભાવનાર માયાબેન હીરાગર સેમ-5 એ સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી. કોલેજના 15 (પંદર) વિદ્યાર્થીઓએ સ્વયં શિક્ષક તરીકે કામગીરી કરી ઉત્સાહથી શિક્ષણકાર્ય કર્યું હતું અને સૌ વિદ્યાર્થીઓએ તેમને પુરતો સાથ સહકાર આપ્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન ગોવિંદભાઈ જે.આલવાડીયા સેમ-5ના વિદ્યાર્થીએ કર્યું હતું. કોલેજના આચાર્ય ડૉ.નયનભાઈ કે.સોનારાના માર્ગદર્શન હેઠળ સંપર્ણ કાર્યક્રમનું આયોજન અને સંચાલન સપ્ત ધારાના કો.ઓર્ડીનેટર ડૉ.વિનોદભાઈ ચૌધરી અને સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

આઝાદી કા અમૃત મહોત્સવ

# સરકારી વિનયન કોલેજ અમીરગઢ

## N.S.S. તથા સપ્તધારાની સામુદાયિક સેવાધારા આયોજિત

### થેલેસેમિયા ટેસ્ટ તા-૧૩/૦૯/૨૦૨૧

સરકારી વિનયન કોલેજ અમીરગઢ - **N.S.S.** તથા સપ્તધારાની સામુદાયિક સેવાધારા દ્વારા થેલેસેમિયા ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમ ની શરુઆત માં કાઉન્સેલિંગ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઇન્ડિયન રેડક્રોષ સોસાયટી ની ટીમ ના શ્રી નિલેશ ભાઇ ભારતીય દ્વારા થેલેસેમિયા વિશે માહિતિ આપવામાં આવી હતી.પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા થેલેસેમિયા મેજર-માઇનર વિશે સમજ આપવામાં આવી હતી.ત્યાર બાદ બ્લડ સેમ્પલ લેવામાં આવ્યા હતા.





## અમીરગઢ કોલેજમાં થેલેસેમિયા નાબૂદી કેમ્પ યોજાયો



અમીરગઢ : સરકારી વિનયન કોલેજ અમીરગઢ -એનએસએસ તથા સામુદાયિક સેવા ધારા અંતર્ગત તા- ૧૩ - સપ્ટે. ૨૦૨૧ ના રોજ થેલેસેમિયા નાબૂદી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ટીમ દ્વારા વિદ્યાર્થીઓનું કાઉન્સેલીંગ કરવામાં આવ્યુ હતું. ત્યાર બાદ વિદ્યાર્થીઓના થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યા હતા. કોલેજ પરિવારે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રી ડૉ. નયન સોનારાના માર્ગદર્શન હેઠળ એન. એન. એસ. પ્રોગ્રામ ઓફીસર ડૉ. મંજુલાબેન પરમારે કર્યું હતું.



સરકારી વિનયન કોલેજ અમીરગઢ એન.એસ.એસ. તથા સામુદાયિક સેવા ધારા અંતર્ગત તા- ૧૩ - સપ્ટે. ૨૦૨૧ ના રોજ થેલેસેમિયા નાબૂદી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ટીમ દ્વારા વિદ્યાર્થીઓનું કાઉન્સેલીગ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ વિદ્યાર્થીઓના થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યા હતા. કોલેજ પરિવારે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્ય ડૉ.નયન સોનારાના માર્ગદર્શન હેઠળ એન.એન.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. મંજુલાબેન પરમારે કર્યું હતું.

(અરવિંદસિંહ દરબાર, અમીરગઢ)

# સ્વચ્છતા પખવાડીયા ની ઉજવણી

# સરકારી વિનયન કોલેજ અમીરગઢ

## મારુ ગામ કોરોના મુક્ત ગામ.... કોરોના રસીકરણ અભિયાન

સરકારી વિનયન કોલેજ અમીરગઢ **N.S.S.** દ્વારા કોવિડ-**19** રસીકરણ માટે 'મારુ ગામ કોરોના મુક્ત ગામ" ... રસીકરણ અભિયાન ચલાવવામાં આવી રહ્યુ છે, વિદ્યાર્થીઓ વધુમા વધુ સંખ્યામા રસી મેળવે તે માટે ઓનલાઇન રજીસ્ટ્રેશન લિંક મુકવામાં આવી છે...કોલેજના સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને સતત પ્રોત્સાહન તથા માર્ગદર્શન પુરુ પાડવામાં આવી રહ્યુ છે....

આથી કૉલેજના તમામ વિધાર્થીઓને જણાવવાનું કે કૉલેજમાં કોવિડ-**19** રસીકરણ કેમ્પનું આયોજન કરવાનું હોઈ તે માટેના આયોજન અંગે આ સાથેની ગૂગલ લિંકમાં વિગતો ભરવી જે વિધાર્થીઓ એ આ ફોર્મ ભર્યું હશે તેને જ વેક્સિન (રસી)આપવામાં આવશે. કેમ્પની વિગતો અને તારીખ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

ગૂગલ લિંક- https://forms.gle/C2Nn4Cv264kTvFVB7




## મારુ ગામ કોરોના મુક્ત ગામ.... કોરોના રસીકરણ અભિયાન

# અમીરગઢની સરકારી વિનયન કોલેજમાં કોરોના વેક્સીન કેમ્પ યોજાયો.

અત્રેની સરકારી વિનયન કૉલેજ, અમીરગઢમાં તા.3/8/21 ના રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ડાભેલાના સહયોગથી કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે કોરોના વેક્સીન કેમ્પ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાઈ કો-વેક્સીનનો પ્રથમ ડોજ લીધો હતો. ઉપરાંત સ્ટાફ અને ગ્રામજનોએ પણ કેમ્પમાં હાજર રહી વેક્સીન લીધી હતી. આ સમગ્ર કેમ્પનું આયોજન ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ.વિનોદભાઈ ચૌધરીએ આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ કર્યું હતું.







## અમીરગઢ સરકારી વિનયન કોલેજમાં કોરોના વેક્સીન કેમ્પ યોજાયો




વિશાલ નાઇ

રખેવાળ ન્યુઝ અમીરગઢ

સરકારી વિનયન કૉલેજ, અમીરગઢમાં તા.૩/૮/૨૧ ના રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ડાભેલાના સહયોગથી કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે કોરોના વેક્સીન કેમ્પ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાઈ કો-વેક્સીનનો પ્રથમ ડોજ લીધો હતો. ઉપરાંત સ્ટાફ અને ગ્રામજનોએ પણ કેમ્પમાં હાજર રહી વેક્સીન લીધી હતી. આ સમગ્ર કેમ્પનું આયોજન ગુજર-ાતી વિભાગના અધ્યક્ષ ડૉ. વિનોદભાઈ ચૌધરીએ આચાર્યના માર્ગદર્શન હેઠળ કર્યું હતું.

# સરકારી વિનયન કોલેજ અમીરગઢ

## PRI. NSS DAY – પસંદગી કેમ્પ- તા- ૧૮/૯/૨૦૨૧

હેમ.ઉ.ગુ.યુનિ. આયોજિત પ્રિ. એન.એસ.એસ. ડે પસંદગી કેમ્પ નું આયોજન મ્યુનિસિપલ આર્ટસ એન્ડ અર્બન બેંક સાયંસ કોલેજ, નાગલપુર મુકામે યોજાયેલ, જેમાં કોલેજનું શાનદાર પ્રતિનિધિત્વ.






સરકારી વિનયન કોલેજ અમીરગઢ

# રાજ્યકક્ષાએ . NSS DAY – ઉજવણી - તા- 22થી 24 સપ્ટે. ૨૦૨૧









STATE NSS DAY CELEBRATION
Traditional Costume
1st Prize
Hosted by
KSKV KACHCHH UNIVERSITY
BHUJ
Government of Gujarat
Department of Higher & Technical Education
State National Service Scheme Cell
Certificate of Participation
NSS Program Officer / Volunteer of College / School
Affiliated to / from H.N Gujarat University / District (DEO)
has secured 1st rank Traditional Costume in the three days
State NSS Day Celebration organized by NSS Cell, Department of
Higher & Technical Education, government of Gujarat from 22-24 September, 2021
Shri Girdhar Upadhyay
Regional Director, NSS
Government of India
Programme Coordinator
KSKV Kachchh University
State NSS Officer
Government of Gujarat

## NIC CAMP-ODISHA-15 TO21 DEC. 2021









<u>**અમીરગઢ  કોલેજ દ્વારા  N.S.S. દિવસ ની ઉજવણી.....**</u>

<u>**“  અંગ દાન એ જીવન દાન “ વિશે  શપથ**</u>

સરકારી વિનયન કોલેજ અમીરગઢ - N.S.S. દ્વારા તા- ૨૪ - સપ્ટે. ૨૦૨૧ ના રોજ N.S.S. દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓને N.S.S. નું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. “  અંગ દાન એ જીવન દાન ” વિશે  શપથ લેવડાવવામાં આવ્યા હતા. સમગ્ર કોલેજ સ્ટાફ દ્વારા કાર્યક્રમ સફળ બનાવાયો હતો. કોલેજના આચાર્યશ્રી નયન સોનારા તથા  N.S.S. પ્રોગ્રામ ઓફિસર ડૉ. મંજુલાબેન પરમાર ના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઇતિહાસ વિભાગ ના અધ્યક્ષ શ્રી મુકેશ કુમારે  કર્યું હતું....









દિવ્ય ભાસ્કર  પાલનપુર  28-09-2021

**અમીરગઢ કોલેજમાં એનએસએસ દિવસની ઊજવણી**



અમીરગઢ : અમીરગઢની સરકારી વિનયન કોલેજ એનએસએસ દ્વારા શુક્રવારે એનએસએસ દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓને એનએસએસનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. અંગ દાનએ જીવન દાન વિશે શપથ લેવડાવામાં આવ્યા હતા. સમગ્ર કોલેજ સ્ટાફ દ્વારા કાર્યક્રમ સફળ બનાવાયો હતો. કોલેજના આચાર્ય નયન સોનારા તથા એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડો. મંજુલાબેન પરમારના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઈતિહાસ વિભાગના અધ્યક્ષ મુકેશકુમારે કર્યું હતું. તસવીર-રામલાલમીણા

# <u>અમીરગઢ  કોલેજ -  N.S.S. દ્વારા પોષણ માસ ની ઉજવણી</u>

સરકારી વિનયન કોલેજ અમીરગઢ - N.S.S., C.W.D.C. તથા સામુદાયિક સેવા ધારા અંતર્ગત પોષણ માસ ની ઉજવણી કરવામાં આવી, જેમાં સંવેદના ટ્રસ્ટ વિરમપુરથી યુનિસેફ ના  સ્ટાફ ગણે  હાજર રહી,  કુ-પોષણ અંગેની જાણકારી આપી હતી. તેમજ  તા- ૩૦/ ૯ /૨૦૨૧ ના રોજ કોલેજમાં વાનગી હરિફાઇ યોજવામાં આવી હતી. જેમાં – પ્રથમ નંબરે – આસોડીયા રંજનબેન નારણ ભાઇ, બીજા નંબરે આસોડીયા હેમલ બેન જગદીશ ભાઇ તથા તૃતીય નંબરે રાઠોડ આંચલ વિક્રમ ભાઇ રહ્યા હતા. ડૉ. વિનોદ ચૌધરી તથા ભુપેન્દ્ર ભાઇ ચડોખિયા  નિર્ણાયક તરીકે રહ્યા હતા. સમગ્ર કોલેજ પરિવારે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રી ડૉ. નયન સોનારાના માર્ગદર્શન હેઠળ એન. એન. એસ. પ્રોગ્રામ ઓફીસર  ડૉ. મંજુલાબેન પરમારે કર્યું હતું.








દિવ્ય ભાસ્કર પાલનપુર 01-10-2021

**અમીરગઢની કોલેજમાં પોષણ માસની ઊજવણી**



અમીરગઢ : સરકારી વિનયન કોલેજ અમીરગઢમાં એન.એસ.એસ. સીડબલ્યુડીસી તથા સામુદાયિક સેવા ધારા અંતર્ગત પોષણ માસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સંવેદના ટ્રસ્ટ વિરમપુરથી યુનિસેફના સ્ટાફગણે હાજર રહી કુપોષણ અંગેની જાણકારી આપી હતી. તેમજ 30 સપ્ટેમ્બર-2021 ના રોજ કોલેજમાં વાનગી હરિફાઈ યોજી હતી. જેમાં પ્રથમ નંબરે રંજનબેન નારણભાઈ આસોડીયા, બીજા નંબરે હેમલબેન જગદીશભાઈ આસોડીયા તથા તૃતીય નંબરે આંચલ વિક્રમભાઈ રાઠોડ રહ્યા હતા. ડો. વિનોદ ચૌધરી તથા ભુપેન્દ્રભાઈ ચડોખીયા નિર્ણાયક તરીકે રહ્યા હતા. સમગ્ર કોલેજ પરિવારે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્ય ડો. નયન સોનારાના માર્ગદર્શન હેઠળ અને એનએસએસ પ્રોગ્રામ ઓફીસર ડો. મંજુલાબેન પરમારે કર્યું હતું. • રામલાલ મીણા

**આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત**
**N. S. S. અને સામુદાયિક સેવા ધારા આયોજિત**
**<u>સ્વચ્છ ભારત કાર્યક્રમ</u>**

આપ જાણો છો તેમ આ વર્ષ આઝાદીના અમૃત મહોત્સવ તરીકે ઉજવાઇ રહ્યું છે. ત્યારે આજે ગાંધી જ્યંતિ નિમિત્તે કોલેજ દ્વારા 'સ્વચ્છતા પ્લોગ રન' નું આયોજન કરવામાં આવેલ છે. અમોને ખાતરી છે કે આપ સ્વચ્છ ભારત અભિયાનને સંપૂર્ણ સાથ આપશો અને કચરો ગમે ત્યાં રસ્તે ના ફેંકતાં કચરા પેટીમાં જ નાખશો... અમને આપના સહકારની અપેક્ષા અને વિશ્વાસ છે કે, આપ ભારત ને સ્વચ્છ અને મહાન બનાવવામાં આપનું યોગદાન આપશો....

મારુ ગામ .... સ્વચ્છ ગામ... સ્વચ્છ ગામ...સુંદર ગામ....



# અમીરગઢ કોલેજ દ્વારા N.S.S. ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો......

## એન.એસ.એસ એ વર્ગખંડ ની બહાર મળતું એવું શિક્ષણ છે,

## જે વિદ્યાર્થીનું વ્યક્તિત્વ ઘડતર કરે છે : ડૉ. નિયાઝ પઠાણ

સરકારી વિનયન કોલેજ અમીરગઢ - N.S.S. દ્વારા તા- ૦૫–ઓક્ટો.. ૨૦૨૧ ના રોજ N.S.S.ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રમુખ વક્તા તરીકે સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સમી ના હિન્દી વિભાગના અધ્યાપક અને પૂર્વ N.S.S. પ્રોગ્રામ ઓફિસર ડૉ. નિયાઝ પઠાણ હાજર રહ્યા હતા. તેઓએ જણાવ્યું હતુ કે ૧૯૬૯ માં શરુ થયેલ રાષ્ટ્રીય સેવા યોજનાનો મુખ્ય હેતુ ગ્રામોદ્ધારનો છે. તેઓએ N.S.S. નો લોગો, તથા ધ્યેય વાક્ય તેમજ લક્ષ્યગીત વિશે સચોટ માહિતી આપી હતી. એન.એસ.એસ.નો સ્વયં સેવક ધર્મ, જાતિ અને જ્ઞાતિ થી પર રહી 'સર્વધર્મ સમભાવ' અને 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવનાથી રાષ્ટ્ર સેવામાં તત્પર રહે છે. સામાજિક સમસ્યાઓ જેવી કે, સ્ત્રી પુરુષ-જાતિ ભેદ તથા વૃધ્ધાશ્રમની વધતી સંખ્યાને કેવી રીતે ઘટાડવામાં મદદ કરી શકે તે અંગે ઉદાહરણ દ્વારા માહિતિ આપી હતી. આ ઉપરાંત વધુમાં જણાવ્યું હતુ કે એન.એસ.એસ.ની પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીની આંતરિક શક્તિઓ ખીલે છે, તથા વિદ્યાર્થીના વ્યક્તિત્વ નો વિકાસ થાય છે. આ કાર્યક્રમને સમગ્ર કોલેજ સ્ટાફ દ્વારા સફળ બનાવાયો હતો. કોલેજના આચાર્યશ્રી નયન સોનારા ના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું સંચાલન N.S.S. પ્રોગ્રામ ઓફિસર ડૉ. મંજુલાબેન પરમારે કર્યું હતું....






**THANK YOU**